## આ..તો મોજ પડી : સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓને ૨ માર્કશીટ, એડમીશન માટેની માર્કશીટ અપાઈ

### જુલાઈના સપ્તાહમાં ઓરીજીનલ માર્કશીટ મળશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

કોરોનાએ ઘણું બધું પરિવર્તન કર્યું છે તા.૨૯ જૂનના રોજ બોર્ડની વેબસાઈટ ઉપર ધો.૧૦નું પરિણામ જાહેર થયું. રેગ્યુલર તમામ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા તેની ખુશાલી અને ક્યાંક ગમ જોવા મળ્યો અને બહાર આવેલી વિગતો અનુસાર ધો.૧૦માં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ બે માર્કશીટ અપાશે. એડમીશન માટેની માર્કશીટ શાળામાંથી આપી દેવામાં આવી છે જેના આધારે ધો.૧૧માં તેમજ અન્ય ટેકનિકલ કોર્સમાં વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકે. જ્યારે જુલાઈ મહિનામાં ઓરીજીનલ માર્કશીટ મળશે જે ધો.૯ અને ૧૦ના પરિણામ આધારે તૈયાર કરવામાં આવી છે.

ધો.૧૦ બોર્ડનું પરિણામ કોઈપણ પ્રકારની ઉત્તેજના અને વિદ્યાર્થી-વાલીઓના રાત ઉજાગરા વગર જાહેર થયું. સાબરકાંઠાના ૨૧,૪૨૫ અને અરવલ્લીના ૧૭,૨૮૮ મળી કુલ-૩૮,૭૧૩ વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યા છે. શાળાઓમાં પરિણામ માટે વિદ્યાર્થી-વાલીઓ આવ્યા તે સમયે મોટાભાગની શાળાઓએ અગાઉથી તૈયાર કરી રાખી હતી તે મુજબ એડમીશન માટેની માર્કશીટ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન પરિણામ ઉપરથી માર્કશીટ આપવામાં આવી હતી. જે માર્કશીટ તદ્દન હંગામી ગણાશે અને તેનો માત્ર એડમીશન માટે જ ઉપયોગ થઈ શકશે. જ્યારે અસલ માર્કશીટ જુલાઈના બીજા સપ્તાહમાં ધો.૯ અને ૧૦ના પરિણામના આધારે તૈયાર કરીને આપવામાં આવશે. બે માર્કશીટના કારણે સ્વાભાવિક જ અનેક વિદ્યાર્થીઓ અસમંજસમાં પડ્યા છે અને શાળા કક્ષાએ પણ કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધી ગયું છે.

## હાય રે.. મોંઘવારી : સાબરકાંઠા, અરવલ્લીમાં ઘરની તો ઠીક પણ કીટલીની ચા મોંઘી થશે

### દૂધના ભાવથી દાઝેલ કીટલીવાળા ભાવ વધારવા મજબૂર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ઈંધણના ભાવ સદી વટાવવાની તૈયારીમાં છે ત્યારે જૂન મહિનાના અંતિમ દિવસે દૂધના ભાવ વધારાથી વધુ એક ડામ લાગ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અમૂલ દૂધના ભાવમાં લીટરે રૂા.૨ નો વધારો થયા પછી ઘરની તો ઠીક પરંતુ કીટલીની ચા મોંઘી થઈ શકે છે. અગાઉથી ચા અને ખાંડ મોંઘી છે ત્યાં હવે દૂધમાં ભાવ વધારો થતાં દાઝેલા કીટલીવાળા ચા ની ચૂસ્કીના ભાવ વધારવા માટે મજબૂર બન્યા છે.

છેલ્લા કેટલાક સમયથી કુદકે ને ભૂસકે વધી રહી છે. ખાદ્ય ચીજવસ્તુઓમાં છાશવારે ભાવ વધારો ઝીંકાયો છે જેથી આમ પરિવારોનું જીવન વધુ દુષ્કર બન્યું છે. એક તરફ ઈંધણના ભાવ વધારાના કારણે શાકભાજી સહિતની ચીજવસ્તુઓમાં બેફામ રીતે ભાવ વધ્યા છે ત્યાં હવે દૂધના ભાવમાં લીટરે ૨ નો વધારો થયો છે. ગત રોજથી ભાવ વધારો અમલી બનતાં અમૂલ દૂધના વિક્રેતાઓએ હવે ગ્રાહકો પાસેથી વધુ ભાવ લેવાની શરૂઆત કરતાં દૈનિક જરૂરીયાતમાં દૂધનો વપરાશ મોંઘો પડી શકે છે.

થોડાક સમય અગાઉ ખાંડ અને ચા ના ભાવમાં વધારો થતાં ગૃહીણીઓને ચા ની દૈનિક જરૂરીયાત ઉપર કાપ મૂકવો પડે તેવી સ્થિતિ હજુ દૂર થઈ નથી ત્યાં અમૂલ દૂધના ભાવમાં રૂા.૨ ના ભાવ વધારાના કારણે ઘરમાં તો ઠીક પરંતુ ચા ની કીટલી પર જઈ ચા નો ઘૂંટડો ભરવો મોંઘો બની શકે છે. દૂધના ભાવ વધારાના કારણે કીટલી સંચાલકો પણ હવે ચા ના ભાવ વધારાની ફીરાકમાં છે. હાલમાં ચા ની કીટલી ઉપર કટીંગ ચા ના રૂા.૫ વસુલવામાં આવતા હોવાથી શ્રમજીવી વર્ગ હોંશે હોંશે ચા ના ઘૂંટડા ભરે છે પરંતુ આગામી ટૂંક સમયમાં જ ચા ની ચૂસ્કીનો વધુ ભાવ ચૂકવવા માટે તૈયાર રહેવું પડે તેવું ચિત્ર ઉપસ્યું છે.

## મોડાસાના અર્બન હેલ્થ સેન્ટરમાં સોશ્યલ ડિસ્ટન્સનો છેડ ઉડ્યો

### સવારથી કોરોના રસી લેવા માટે ધસારો થતાં નિયમો નેવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

મોડાસાના અર્બન હેલ્થ સેન્ટરમાં છેલ્લા બે દિવસથી સોશ્યલ ડિસ્ટન્સનો છેદ ઉડ્યો છે. સવારથી કોરોનાથી સુરક્ષિત થવા રસી લેવા માટે લોકોનો ધસારો થઈ રહ્યો છે જેમાં ફળવાયેલ રસીના જથ્થા કરતાં પણ લેનાર વ્યક્તિઓની સંખ્યા બમણી રહેતી હોવાથી સોશ્યલ ડિસ્ટન્સના નિયમો નેવે મૂકાયા છે. રજીસ્ટ્રેશન થયું હોય તેવા વ્યક્તિઓને રસી આપવાની વ્યવસ્થા ગોઠવાઈ છે પરંતુ તેમની સાથે અન્ય લોકોનાં ટોળાં અર્બન હેલ્થ સેન્ટરમાં ઉમટતાં રસી લેવા જતાં કોરોનાની ઝપટે આવી જવાય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

જિલ્લામાં કોરોના મરણ પથારીએ પડ્યો હોય તેમ સંક્રમિત કેસની સંખ્યા ઘટી છે તેમાંય છેલ્લા અઠવાડીયાથી એકપણ કેસ નોંધાયો નથી જેથી આરોગ્ય તંત્રએ અંદરખાને ખાસ્સી રાહત અનુભવી છે. સરકારે રસીકરણ ઉપર ભાર તો મૂક્યો પરંતુ પૂરતા પ્રમાણમાં રસીનો જથ્થો ફાળવ્યો નથી જેથી અરવલ્લીના અનેક વિસ્તારોમાં રસી માટે કમઠાણ સર્જાયું છે. તેમાંય મોડાસાના અર્બન હેલ્થ સેન્ટરમાં કોરોના સામે રામબાણ ઈલાજ સાબિત થયેલ કોવેક્સિન અને કોવિશિલ્ડ રસી લેવા માટે લોકોનો ભારે ધસારો થઈ રહ્યો છે. એક તરફ રસીની અછત અને હવે લોકોએ ઝડપથી રસી લેવા માટે ધસારો કર્યો છે જેમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેમને જ રસી માટે પ્રાથમિક્તા આપવામાં આવી રહી છે પરંતુ અન્ય લોકો પણ અર્બન હેલ્થ સેન્ટરમાં લાઈનો લગાવી રહ્યા છે જેના કારણે કોવિડ-૧૯ની ગાઈડલાઈનના નિયમો નેવે મૂકાયા છે. અર્બન હેલ્થ સેન્ટરમાં રસી મૂકાવવા જતાં ક્યાંક કોરોનાથી સંક્રમિત ન થઈ જવાય તો જ નવાઈ..તેવા દ્રશ્યોએ જાગૃત નાગરિકોને ફફડાવી મૂક્યા છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા શહેરી વિસ્તારોમાં રસીકરણ કેન્દ્રો ઉપર નિયમો નહીં જળવાય તો શૂન્ય ઉપર ગયેલા કોરોના પોઝિટિવ કેસમાં ફરી ઉછાળો આવવાની દહેશત સેવાઈ રહી છે.

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

## બાયડના મેઈન બજારમાં ભંગાર રોડનું સમારકામ શરૂ, તૂટેલાં ઢાંકણ ફરી બદલ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડના મેઈન બજારમાં ભંગાર રોડથી અકસ્માતો સર્જાઈ બપોર બાદ રોડનું સમારકામ શરૂ કરતાં પ્રજા અને વેપારીઓમાં ખુશાલી છવાઈ છે. તૂટેલાં ગટરનાં એન્ડ બી. સ્ટેટ નડીયાદ ડીવીઝનના કાર્યપાલક ઈજનેર નિવૃત્ત થવાના હોવાથી તેમને કામમાં



રહ્યા છે તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં હરકતમાં આવેલા તંત્રએ ગુરૂવાર ઢાંકણ ફરી બદલવામાં આવ્યાં છે તેમજ ગુણવત્તાયુક્ત કામ નહીં થાય તો આ અંગે જાગ્રત નાગરિકો દ્વારા રાજ્ય સરકાર અને આર.એન્ડ બી. સ્ટેટ વિભાગમાં ફરિયાદ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

આર. એન્ડ બી. સ્ટેટ-નડીયાદ ડીવીઝન હસ્તકના મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર ખાસ કરીને બાયડના મેઈન બજારમાં ઊંટની પીઠ જેવો ખરબચડો રોડ થઈ જતાં અનેક નાના વાહન ચાલકો પટકાઈ પડવાની સાથે કેટલાક વાહન ચાલકો કાબુ ગુમાવતાં ગમખ્વાર અકસ્માત સર્જાયા છે. જ્યારે આર. નહીં પરંતુ પ્રસંશામાં રસ હતો જેથી વાહન ચાલકોની જીંદગી ઉપર મોત હાવિ થઈ ગયું હતું. ગાંધીનગર સમાચારમાં આર. એન્ડ બી. સ્ટેટની કામગીરી સામે પ્રચંડ રોષ..અધિકારી નિવૃત્ત થતા હોવાથી રસ નથી..તેવા અહેવાલ પ્રસિદ્ધ થયા પછી અહેવાલની ગુંજ ગાંધીનગર પહોંચી અને તાબડતોબ ભંગાર રોડના સમારકામ માટે આદેશ વછૂટતાં તંત્ર કામે લાગ્યું છે. કામ શરૂ થયું ત્યારે પણ માત્ર ડામર ઢોળી ક્વોરીનો ડસ્ટ પથરાતો હોવાથી આવી કામગીરી સામે પણ એજન્સીને સ્થાનિક નાગરિકોએ ઉગ્રતા સાથે રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

## ખાડે ગયેલી કામગીરી : અરવલ્લી જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારોની મકાઈનો ઓછો જથ્થો ફળવાતાં હૈયાહોળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧

રાજ્ય સરકાર દ્વારા કાર્ડધારકોને પ્રથમવાર મકાઈ ફાળવવામાં આવી છે. અરવલ્લી પુરવઠા તંત્રને જિલ્લાના ૩૫૦ થી વધુ સસ્તા અનાજના દુકાનદારો માટે મકાઈનો જથ્થો ફાળવ્યો પરંતુ ઓછો જથ્થો ફળવાતાં દરેક દુકાનદારના ત્યાં હૈયાહોળીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. દુકાનદારો-કાર્ડધારકો વચ્ચે ઓછી મકાઈ આપવા મુદ્દે સંઘર્ષ જોવા મળ્યો. જિલ્લાનું પુરવઠા તંત્ર માત્ર પોતાના ખિસ્સાનો પુરવઠો જળવાઈ રહે તે પ્રકારની કામગીરી કરતો હોવાથી આ સ્થિતિ પેદા થયાના લોક આક્ષેપ થઈ રહ્યા છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સસ્તા અનાજના દુકાનદારોને રેશનીંગનો ઓછો જથ્થો ફાળવવો, મનમાની કરવી, દુકાનદારોની સાચી વાતો સાંભળવી નહીં તેવી વિગતો જાણવા મળી છે. પુરવઠા અધિકારી તેમજ ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટરો અને અન્ય સ્ટાફની કામગીરી પણ ક્યારેક શંકાના દાયરામાં આવતી હોય છે. રાજ્યના પુરવઠા નિગમ દ્વારા કાર્ડધારકોને મકાઈનો જથ્થો ફાળવવાનો નિર્ણય કરી સંખ્યા પ્રમાણે જથ્થાની ફાળવણી જે તે જિલ્લામાં કરવામાં આવી હતી પરંતુ આશ્ચર્ય વચ્ચે અરવલ્લી જિલ્લાના મોટાભાગના તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોને મકાઈનો ઓછો જથ્થો મળ્યો છે અને હવે મહિનો પૂરો થયો એટલે બાકી રહેલો જથ્થો મળશે કે કેમ..?? તેવી આશંકા કાર્ડધારકોને સતાવી રહી છે. નવા નિયુક્ત થયેલા જિલ્લા કલેક્ટરે મકાઈના ઓછા જથ્થા ફાળવણીની તપાસના આદેશ કરી તેમાં જે પણ કોઈ કસૂરવાર હોય તેમની સામે પગલાં ભરવાં જોઈએ.

## બાયડમાં ઘર આગળથી ઈકો કારનું સાયલેન્સર ચોરાયું

### કિંમતી માટી માટે સાયલેન્સર ચોરતી ટોળકી સક્રીય, સાયલેન્સર ચોરીમાં પોલીસનો ટૂંકો પડતો પનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડના લાખેશ્વરી વિસ્તારમાં વિનોદ મગનભાઈ પરમારના ઘર આગળથી રાત્રિના સમયે તસ્કર ટોળકી પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર ચોરી ફરાર થઈ છે. રૂા.૨૦,૦૦૦ની કિંમતના સાયલેન્સરમાંથી નિકળતી કિંમતી માટીની ઉંચી કિંમત મળતી હોવાના કારણે સાયલેન્સર ચોરનારી ટોળકી ફરી સક્રીય થઈ છે. બનાવ અંગે બાયડ પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈકો કારના સાયલેન્સરની ચોરીનું રાજ્ય વ્યાપી નેટવર્ક ચાલી રહ્યું છે જેમાં અમદાવાદ, હિંમતનગર, ખેડા સહિતના વિસ્તારોમાં માત્રને માત્ર ઈકો કાર તેમજ તેના સાયલેન્સરની ચોરીમાં સંડોવાયેલા ઈસમોને પોલીસે પકડ્યા હોવા છતાં બજારમાં ઈકો કારના સાયલેન્સરમાંથી નિકળતા પ્લેટીનમની વધુ કિંમત મળતી હોવાથી તસ્કરોના નિશાના ઉપર ઈકો કાર વધુ રહેતી હોય છે. બાયડના લાખેશ્વરી વિસ્તારમાં વિનોદભાઈ પરમારે તેમની ઈકો કાર(નં.જી.જે.૩૧-એન-૨૪૦૯) પાર્ક કરી હતી જે દરમ્યાન ગત તા.૨૩ થી ૨૬ જૂન દરમ્યાન રાત્રે કોઈ ટોળકી ચાલાકીપૂર્વક ઈકો કારનું સાયલેન્સર ચોરી ફરાર થઈ ગઈ હતી. સાયલેન્સર ચોરાઈ ગયાની વાહન માલિકને જાણ થતાં બાયડ પોલીસ સ્ટેશને ફરિયાદ આપી છે.

હાશ : અરવલ્લી જિલ્લો કોરોના મુક્તિતરફ

## અઠવાડીયાથી એકપણ કેસ નહીં, પ્રજાની જાગૃતિ, આરોગ્ય તંત્રના પ્રયત્નો અસરદાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લો કોરોના મુક્તિ તરફ આગળ વધી રહ્યો છે. છેલ્લા એક અઠવાડીયાથી એકપણ પોઝિટિવ કેસ નોંધાયો ન હોવાના કારણે આરોગ્ય વિભાગે હાશ અનુભવી છે. જિલ્લામાં બીજી લહેર ઘાતક સાબિત થતાં કોરોના સંક્રમણ રોકવા માટે ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવામાં આવતાં હવે કોરોનાના વળતા દિવસો શરૂ થયા છે. પ્રજાની જાગૃતિ અને આરોગ્ય તંત્રના પ્રયત્નો અસરકારક સાબિત થતાં કોરોના મુક્તિ હવે હાથવેંતમાં હોય તેવું લાગી રહ્યું છે.

જિલ્લામાં કોરોના ઉપર અંકુશ મૂકવા માટે સરકારી ગાઈડલાઈનનું પાલન કરવાની સાથે રસીકરણ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું.

જેથી જુલાઈ માસના મધ્યાંતરથી કોરોનાનું સંક્રમણ ધીરે ધીરે ઘટતું ગયું છે. જિલ્લામાં પોઝિટિવ કેસ જીરો લેવલ તરફ જઈ રહ્યા છે જેમાં છેલ્લા એક અઠવાડીયાથી તો એકપણ કેસ નોંધાયો ન હોવાના કારણે અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર તેમજ આરોગ્ય વિભાગ અંદરખાને હરખાયું છે. રાજ્ય સરકારે કોરોના ઉપર સંપૂર્ણ અંકુશ મૂકવા માટે એકમાત્ર રસીકરણ અસરદાર હથિયાર હોવાનું જણાવી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રસીકરણ ઉપર વધુ ભાર મૂક્યો હતો જેના પરિણામે જિલ્લામાં લોકોને મોતના મુખમાં ધકેલનાર વૈશ્વિક મહામારી ખુદ મરવા પડી છે. છેલ્લા કેટલાય દિવસથી આરોગ્ય વિભાગના પ્રયત્નો હવે રંગ લાવ્યા હોય તેમ જિલ્લો કોરોના નિર્મૂલ તરફ આગળ વધી રહ્યો છે.

જિલ્લા આરોગ્ય સૂત્રોનું માનીએ તો ૮ દિવસથી એકપણ પોઝિટિવ કેસ આવ્યો નથી અને મોટાભાગની કોવિડ હોસ્પિટલોમાં બેડ ખાલી હોવાનું જણાવાઈ રહ્યું છે. ટૂંકમાં રાજ્ય સહિત જિલ્લામાં પણ કોરોનાની મહામારી ધડમૂડથી ઉખડીને ફેંકાઈ જાય તેમ તેનું નામોનિશાન ન રહે તેવા પ્રયત્નો સૌ કોઈએ સરકારી ગાઈડલાઈન મુજબ કરવા રહ્યા.

## અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા મંત્રી તરીકે નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ નેહાબેન



હરેશભાઈ પટેલે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના અનુમોદનથી જિલ્લા ભાજપ મહિલા મોરચા મંત્રી તરીકે બાયડના ચંદ્રીકાબેન જયદીપસિંહ ભાટીની નિયુક્તિ કરતાં ભાજપના સર્વ આગેવાનો, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી સહિતના ભાજપના કાર્પોરેટરોએ અભિનંદન પાઠવ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના માલપુરના મહિલા આચાર્યનો આપઘાત

### ચાર પાનાની સુસાઇડ નોટ લખી આત્મહત્યા કરી, શૌચાલયમાંથી મૃતદેહ મળ્યો



### મૃતક મહિલા આચાર્યના પતિ શું કહે છે..?

આત્મહત્યા કરનારી મહિલા પ્રિન્સીપાલ ના પતિ જયદીપ ડામોરે જણાવ્યું હતું કે ઘરમાં કોઈ પણ પ્રકારના પ્રોબ્લેમ ન હતા જોકે છેલ્લા ચાર મહિનાથી પ્રિન્સિપાલ બન્યા બાદ ટેન્શન માં રહેતી હતી જેને કારણે આ પગલું ભરી હોય તેમ લાગે છે.

બાયડ, તા.૧

અરવલ્લી જિલ્લાના માલપુર ના રહેવાસી અને છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની સરકારી માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા મહિલાએ શાળાના શૌચાલયમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી છે ઘટનાને પગલે નસવાડી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મહિલાના મૃતદેહને પાસેથી ચાર પાનાની સુસાઇડ નોટ પણ કબજે કરી હતી અને મૃતક મહિલાના પતિ અને શિક્ષકોની પૂછપરછ શરૂ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસને મૃતદેહ પાસેથી ચાર પાનાની સુસાઇડ નોટ મળી આવી

અરવલ્લી જિલ્લાના માલપુર ના રહેવાસી ભાવનાબેન ડામોર છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કુકરદા સરકારી માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા હતા અને પતિ તથા બે બાળકો સાથે રહેતા હતા ભાવનાબેન ડામોરે આજે સવારે શાળાના સૌચાલય માં ગળેફાંસો ખાઈને જ આપઘાત કરી લીધો હતો ઘટનાની જાણ થતા સ્કૂલના શિક્ષકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ મહિલાના પરિવારજનોને જાણ કરી હતી નસવાડી પોલીસ ઘટનાસ્થળે દોડી જઈને નસવાડી પોલીસે મૃતક પાસેથી ચાર પાનાની સુસાઇડ નોટ કબજે કરી હતી જોકે સુસાઇડ નોટમાં આત્મહત્યાના કારણો અંગે ઘટસ્ફોટ થાય તેવી સંભાવનાઓ છે.

## ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા અસંખ્ય ગ્રાહકોને વિજ લોડ વધારાની ડીપોઝીટ ભરવા નોટિસ

ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા ૫ જિલ્લાના ગ્રાહકો પાસેથી ડીપોઝીટ પેટેની રકમમાં વપરાશ મુજબની ડીપોઝીટ વસુલવા માટે નોટિસ આપી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જેમાં અસંખ્ય ગ્રાહકો પાસેથી વિજ કંપનીને અંદાજીત ૫૦ કરોડથી પણ વધુ રૂપિયાની આવક થવાની સંભાવના છે. વીજળીનો વપરાશ કરનારા ગ્રાહકોને તેમની ડીપોઝીટ બીલ પ્રમાણે બીલના નાણામાં સરેરાશ રકમ વસુલવામાં આવતાં ડીપોઝીટના નામે કરોડોની આવક તંત્ર મેળવી લેશે.

ઉત્તર ગુજરાત વિજ કંપનીના ગ્રાહકોએ છેલ્લા કેટલાક દિવસથી વિજ વપરાશમાં વધારો કરતાં પુરવઠાને પહોંચી વળવા માટે નવી વિજલાઈન, વિજ ટ્રાન્સફર્મર સહિત અન્ય સાધનો વધારવાની યુ.જી.વી.સી.એલ.ને ફરજ પડી છે. અગાઉ ગ્રાહકોએ માંગેલ વિજ વપરાશની મર્યાદા કરતાં વધુ વીજળીનો વપરાશ કર્યો હોવાના કારણે હવે કંપની દ્વારા ગ્રાહકો પાસેથી વિજ લોડ વધારાની ડીપોઝીટ વસુલવા માટે નોટિસ આપવામાં આવી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગ્રાહકોએ માગણી કરેલ લોડ કરતાં વધુ વપરાશ કર્યો હોય તેવા ગ્રાહકો પાસેથી ડીપોઝીટની રકમ વસુલવાની શરૂઆત કરવામાં આવતાં ૫ જિલ્લામાંથી ઉત્તર ગુજરાત વિજ કંપનીને માત્ર વિજ લોડની ડીપોઝીટ પેટે કરોડો રૂપિયાની આવક થવાની છે. ડીપોઝીટ બીલ પ્રમાણમાં વાર્ષિક બીલના નાણા પ્રમાણે સરેરાશ અઢી બીલ જેટલી રકમ ડીપોઝીટ વસુલવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ તબક્કાના ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકોની યાદી તૈયાર કરી નોટિસો આપી ડીપોઝીટની રકમ ભરવા માટે જણાવવામાં આવ્યું છે.

## હિંમતનગર સિવિલના રેડિયોલોજી વિભાગના સચોટ નિદાનથી કોરોના દર્દીઓના જીવ બચ્યા

### કોરોનાની બીજી લહેરમાં ૧૬૦૦ એક્સ-રે અને ૧૦૦૦ સીટી સ્કેનના ટેસ્ટ કરાયા : મ્યુકર માઇકોસીસના દર્દીઓને ઇ.એન.ટી વિભાગ દ્વારા નિદાન અર્થે મોકલી આપી ૪૦ જેટલા ફંગસના દર્દીઓનું સચોટ નિદાન કરી ઉત્તમ સારવાર અપાઈ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧

સમગ્ર દેશ કોરોના મહામારીની વિકટ પરિસ્થતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ગુજરાત રાજયમાં લોકોને આરોગ્ય સુવિધા સારી મળી રહે



તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આવા સંકટના સમયે આરોગ્ય કર્મીઓ બહુ ઉમદા સેવા કરી લોકોને મોતના મુખમાંથી બહાર લાવ્યા છે.

આવા જ એક એવા આરોગ્ય કર્મીઓ છે હોસ્પિટલના રેડિયોલોજી વિભાગના. કોઈપણ રોગના સારવાર માટે જરૂરી છે સચોટ નિદાન, જેના થકી દર્દીની સાચી દિશામાં સારવાર થઈ શકે, કોરોનાની મહામારી લોકોને મોતના મુખ માંથી બહાર લાવવાનું કામ કરી રહ્યા છે હિંમતનગર સિવિલ હોસ્પિટલના એક્સરે ટેકનિશિયન કોરોનાની પ્રથમ લહેરમાં સાબરકાંઠા અને અરવલ્લીના દર્દીઓના રોગ પરિક્ષણના નમૂના અમદાવાદ મોકલવામાં આવતા હતા જેને લઈ દર્દીઓના સારવારમાં વિલંબ થતો પરંતુ પછીના ટૂંક સમયમાં હિંમતનગર સિવિલમાં ઈ્ઝઇ ટેસ્ટની સુવિધા શરૂ કરતા દર્દીઓને ઘણી રાહત થઈ તો પરંતુ ટેસ્ટ સિવાય દર્દીઓમાં કોરોનાનું સંક્રમણ કેટલુ વ્યાપ્યું છે તે જાણવા માટે એક્સ-રે અને સીટી સ્કેન જરુરી હતા જેમાં કોરોનાની બીજી લહેરમાં મોટા પ્રમાણમાં લોકો સંક્રમિત થતા મોટા પાયે લોકોના સીટી સ્કેન અને એક્સ રેના ટેસ્ટ કરવામાં આવ્યા, જેમાં ૧૬૦૦ જેટલા એક્સરે અને ૧૦૦૦ જેટલા દર્દીઓનું સીટી સ્કેન દ્વારા સચોટ નિદાન કરાતું હતું. જેમાં બન્ને લહેરના સમયગાળામાં સીટી સ્કેનના ૬૩૭૨ જયારે ૨૭૭૨૮ લોકોના એક્સ રે પાડી સારવારની સાચી દિશા ચિંધવાનું કામ કર્યું. વર્તમાન સમયમાં મ્યુકર માઈકોસીસને લગતા આવતા દર્દીઓને ઈ.એન.ટી વિભાગ દ્વારા નિદાન અર્થે મોકલી આપવા આવતા તેમાં ૪૦ જેટલા ફંગસના દર્દીઓનું સચોટ નિદાન કરી ઉત્તમ સારવાર હાથ ધરાઈ છે. સિવિલ સર્જન ડૉ. આશિષ કાટારકર અને ડીન ડૉ. રાજીવ દેવેશ્વરના માર્ગદર્શન હેઠળ સહ પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક, ટ્યુટર, એક્સ રે ટેકનીશીયનો ,સફાઈ કર્મચારીઓ તથા ડેટા ઓપરેટરની ટીમે સતત કાર્યરત રહીને સર્વોત્તમ કામગીરી કરી રહી છે.